# પ્રાંતિજ ખાતે કોંગ્રેસ દ્વારા બજાર બંધ કરાવ્યું

**બંધ કરાવવા નિકળેલ કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય સહિત કોંગ્રેસના ૩૦ કાર્યકરોની પોલીસ દ્વારા અટકાયત : પોલીસ દ્વારા સવારથી જ ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો**

પ્રાંતિજ, તા. ૧૦

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે પણ ભારત બંધનું એલાનને લઈને બજાર બંધ જોવા મળ્યું હતું તો ભાખરીયા વિસ્તારમાં બજાર ખુલ્લું રહેતા કોંગ્રેસ કાર્યકરો સહિત પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા દ્વારા બંધ કરાવ્યું હતું.

પેટ્રોલ ડીઝલના વધતાં જતા ભાવો સામે કોંગ્રેસ દ્વારા ભારત બંધનું એલાન આપવામાં આવ્યું હતું જેમાં સાબરકાંઠાના પ્રાંતિજ ખાતે કોગ્રેસ દ્વારા બંધને સફળ બનાવવા પ્રાંતિજ ખાતે આવેલ શાળા કોલેજોને પહેલા બંધ કરાવી હતી. પ્રાંતિજ ખાતે બંધના એલાનને લઈને સવારથી જ બજારો બંધ રહ્યા હતા પણ ભાખરીયા વિસ્તારમાં બજાર ખુલ્લું રહેતાં કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, પાસ કન્વિનર અનિલ પટેલ, રેખાબેન સોલંકી, નિરૂબેન પટેલ સહિત કોંગ્રેસ કાર્યકરો દ્વારા ભાખરીયા વિસ્તારમાં ખુલ્લું રહેલ બજાર બંધ કરાવવા નિકળ્યાં હતાં. પ્રાંતિજ પીઆઇ કે.બી. પટેલ દ્વારા વહેલી સવારથી જ પ્રાંતિજ સહિતના વિસ્તારોમાં પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. બંધ કરાવવા નિકળેલ કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા સહિત કોંગ્રેસના ૩૦ કાર્યકરોની પ્રાંતિજ પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી. કોંગ્રેસ મહિલા કાર્યકરો દ્વારા સરકારના છાજીયા લઈને રોષ વ્યક્ત કર્યો હતો.










## ડીસામાં કોંગ્રેસ પ્રેરિત બંધના એલાનને નિષ્ફળતા

લોકસભાની આગામી સામાન્ય ચૂંટણી પૂર્વે ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકારને ઘેરવા કોંગ્રેસે ગતરોજ ઈંધણનો સતત ભાવ વધારો તેમજ મોંઘવારીના વિરોધમાં દેશવ્યાપી બંધનું એલાન આપ્યું હતું.જોકે બનાસકાંઠાના મુખ્ય વેપારી મથક ડીસામાં કોંગ્રેસ પ્રેરિત બંધના એલાનને સદંતર નિષ્ફળતા સાંપડી હતી.પૂર્વ ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈ સહિત અન્ય કોંગી અગ્રણીઓ તેમજ કાર્યકરો ડીસામાં બંધના એલાનને સફળ બનાવવા રોડ પર ઉતર્યા હતા પરંતુ મંદીના માહોલ વચ્ચે બંધના તાયફા સામે વેપારીઓએ રોષ વ્યકત કરી પોતાના વેપાર ધંધા રાબેતા મુજબ ચાલુ જ રાખ્યા હતા અને આખો દિવસ ડીસાની બજાર યથાવત રીતે ધમધમતી જોવા મળી હતી.ડીસામાં બંધના એલાનને આવો ફિક્કો પ્રતિસાદ મળતા છેવટે કોંગ્રેસી કાર્યકરોએ જાહેર માર્ગો ઉપર ટાયરો સળગાવી વિરોધ પ્રદર્શન કરી કેન્દ્ર સરકારની વર્તમાન નીતિઓ સામે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો.

# હાર્દિક પટેલના અનશન યથાવત

**મારા કુંટુંબવાળાને રોકવા નહી : હાર્દિક પટેલની પોલીસને ચીમકી : પોલીસ કાયદાની મર્યાદામાં રહીને તેની ડયુટી કરે : પોલીસના વલણને લઇ હાર્દિકના સાથીઓનો આક્રોશ : હાર્દિક પટેલના અનશન ૧૭માં દિવસે જારી**

અમદાવાદ, તા.૧૦

પાટીદાર સમુદાય માટે અનામત અને ખેડૂત સમુદાય માટે દેવા માફીને લઈને આમરણાંત ઉપવાસ ઉપર ઉતરેલા હાર્દિક પટેલ હજુ પણ લડાયક દેખાઈ રહ્યા છે. છેલ્લા ૧૭ દિવસથી તે આમરણાંત ઉપવાસ ઉપર છે. હાર્દિક પટેલ આજે લાલઘૂમ દેખાયો હતો. ભાઈને રોકવામાં આવ્યા બાદ તે નારાજ દેખાયો હતો. બીજી બાજુ હાર્દિકના સમર્થનમાં વધુ લોકો પણ આવ્યા છે.


હાર્દિક પટેલ છેલ્લા ૧૭ દિવસથી આમરણાંત ઉપવાસ કરી રહ્યો છે ત્યારે આજે તેના નાના ભાઈને મળવા આવતાં રોકવાના પોલીસના પ્રયાસથી હાર્દિક પટેલ વિફર્યો હતો. પોલીસે તેના નાના ભાઈને અંદર નહી આવવા દેતાં હાર્દિ પટેલ ખુદ કારમાં બહાર સુધી તેને લેવા આવ્યો હતો અને પોલીસને ખુલ્લી ચીમકી આપી હતી કે, માપમાં રહેવાનું, તમે તમારી ડયુટી કરો પરંતુ કાયદામાં રહીને. મારા કોઈ કુંટબવાળાને રોકવા નહી, તમને કહી દઉ છું. આજે ફરી એકવાર પોલીસની હાર્દિક પટેલ સાથે ચકમક ઝરતાં વાતાવરણ થોડીવાર માટે ગરમાયું હતું. બીજીબાજુ, હાર્દિકના સાથીઓ અને પાટીદાર આગેવાનોએ આજે પોલીસના મુલાકાતીઓને અટકાવવાના વલણની ભારે નિંદા કરી હતી અને તેની આકરા શબ્દોમાં ટીકા કરી હતી. છેલ્લા ૧૭ દિવસથી હાર્દિક પટેલના આમરણાંત ઉપવાસ ચાલી રહ્યા છે ત્યારે આજે તેનો નાનો ભાઈ બહાર જઈને ઉપવાસ છાવણીમાં પરત ફરતો હતો ત્યારે તેને પોલીસે રોકતા હાર્દિક ગિન્નાયો હતો. આ વાતની ઉપવાસ કરી રહેલા હાર્દિકને જાણ થતાં તે ગુસ્સે ભરાયો હતો અને ગાડીમાં બેસીને ગેટ બહાર નીકળ્યો હતો અને પોલીસની સાથે બોલાચાલી કરી હતી અને પોતાના કુટુંબીને રોકવાના ના હોય. મારો ભાઈ કે પરિવારનો કોઈ સભ્ય બહાર જઈને આવે તેને રોકવાનો ના હોય. પોલીસવાળા તેની તમામ દાદાગીરી અને હદ વટાવી ચૂક્યા છે. ગાડીમાં બેસીને ગેટ બહાર જઈને હાર્દિકે પોલીસને સ્પષ્ટ કહી દીધું હતું કે, મારા કુટુંબવાળાને રોકવાના નહીં. પોલીસ કાયદાની મર્યાદામાં રહીને તેની ડયુટી કરે, હોશિયારીમાં રહેવાનું. મારા કુંટુંબવાળાને કોઈને રોકવા નહી એ તમને સાફ શબ્દોમાં કહી દઉં છું. જો કે, પોલીસે પણ મામલાની ગંભીરતા સમજી શાણપણથી કામ લીધુ હતુ અઁને તેથી મામલો થાળે પડયો હતો.

# હાર્દિક પટેલના સમર્થનમાં પાલનપુર ૧૬ ગામ લેઉવા પાટીદારો મેદાનમાં

**મુખ્યમંત્રીને પત્ર લખી ઉપવાસ આંદોલનના ઉકેલ સાથે પાટીદારો સામેના પોલીસ કેસ પરત ખેંચવા માંગ**

પાટીદાર નેતા હાર્દિક પટેલના આમરણાંત ઉપવાસને પગલે હવે પાટીદારોની સંસ્થાઓ પણ મેદાનમાં આવી છે. ત્યારે બનાસકાંઠા જિલ્લાનો ૧૬ ગામ લેઉવા પાટીદાર સમાજ પણ આગળ આવ્યો છે. તેઓએ હાર્દિક પટેલના ઉપવાસ આંદોલન નો સુખદ ઉકેલ લાવવાની માંગ કરી છે.

બનાસકાંઠાના ૧૬ ગામ માં વસતો લેઉવા પાટીદાર સમાજ પણ હાર્દિક પટેલના સમર્થનમાં આવ્યો છે. ૧૬ ગામ લેઉવા પાટીદાર સમાજ પ્રગતિ મંડળ, પાલનપુરે મુખ્યમંત્રીને પત્ર લખ્યો છે. જેમાં તેઓએ પાટીદાર પરના પોલીસ કેસ પરત ખેંચવા સહિત હાર્દિક પટેલ ઉપવાસ આંદોલનનો હલ લાવવાની માંગ કરી હોવાનું ખુદ ભાજપી અગ્રણી એવમ મંડળના પ્રમુખ રમેશભાઈ પટેલે જણાવ્યું હતું. આમ, હાર્દિક પટેલના સમર્થનમાં સમાજની એક પછી એક સંસ્થાઓ આગળ આવી રહી છે.



પ્રતિ,
મા.શ્રી વિજયભાઇ રૂપાણી સાહેબશ્રી,
મુખ્યમંત્રીશ્રી-ગુજરાત રાજય.

જય ભારત સહ જણાવવાનું કે છેલ્લા ઘણા સમયથી પાટીદાર સમાજના બાળકોને અનામતનો લાભ મળે તે માટે spg, પાસ, અને સમાજના આગેવાનો તેમજ અન્ય સામાજિક સંસ્થાઓ કાર્ય કરી રહી છે. પરંતુ આ અંગે કોઇ ઉકેલ આવેલ ન હોઇ, અમો શ્રી સોળગામ લેઉવા પાટીદાર સમાજ આપને વિનંતી કરીએ છીએ કે, અમારા સમાજના બાળકો પર થયેલ ખોટા કેસો તાત્કાલિક પરત ખેચવામાં આવે અને ઉપવાસ પર બેઠેલ હાર્દિક પટેલને સરકારના પ્રતિનિધિઓ દ્વારા મધ્યસ્થી કરીને આ અંગેના પ્રશ્નો તાત્કાલિક હલ કરવાની દિશામાં આગળ વધવાં આવે, કારણકે આવનાર સમયમાં જરૂરીયાત મંદ સમાજોના પ્રશ્નો પણ હલ થાય તે દિશામાં તાત્કાલિક આગળ વધવા સમાજ વતી આપને વિનંતી કરું છું.

પ્રમુખ
શ્રી સોળગામ લેઉવા પાટીદાર પ્રગતિ મંડળ
પાલનપુર.

# પાલનપુરના ગઢ ગામની પાટીદાર મહિલાઓ હાર્દિકની પડખે

**બહેરી સરકારને જગાડવા થાળી વેલણ વગાડી ભાજપ સરકાર વિરુદ્ધ કર્યો સુત્રોચ્ચાર**

પાટીદાર નેતા હાર્દિક પટેલના આમરણાંત ઉપવાસને ૧૬ દિવસ થવા છતાં સરકાર જાગતી નથી. ત્યારે ગઢ ગામની પાટીદાર મહિલાઓ હાર્દિકની વ્હારે ચડી હતી.

પાટીદાર નેતા હાર્દિક પટેલના આમરણાંત ઉપવાસને હવે રાજ્યભરમાંથી સમર્થન સાંપડી રહ્યું છે. ત્યારે પાલનપુર તાલુકાના ગઢ ગામની પાટીદાર મહિલાઓ પણ એક્શન મોડમાં આવી છે.

હાર્દિક પટેલના સમર્થનમાં આવેલી પાટીદારો મહિલાઓએ ભાજપ સરકારના વિરોધમાં ઉગ્ર સુત્રોચ્ચાર કર્યો હતો. જયારે બહેરી સરકારને જગાડવા માટે થાળી વેલણ વગાડી ભારે વિરોધ પ્રદર્શિત કર્યો હતો. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં પાટીદાર મહિલાઓ જોડાઈ હતી. આમ, હવે હાર્દિક પટેલનું ઉપવાસ આંદોલન વેગવંતુ બનતું જાય છે.





## પાલનપુર ખાતે કોંગ્રેસના ખેડૂતોની દેવામાફી-મોંઘવારી સામે ધરણાં

પાસ નેતા હાર્દિક પટેલએ અનામત સહિત ખેડૂતોના દેવામાફી મુદ્દે આમરણાંત ઉપવાસ આંદોલન છેડ્યું છે. ત્યારે પાલનપુર ખાતે કોંગ્રેસે ખેડૂતોની વ્હારે ચડતા ખેડૂતોના દેવામાફી સહિત વધતી જતી મોંઘવારી સામે ધરણાં યોજી વિરોધ પ્રદર્શિત કર્યો હતો. પાલનપુરના પથિકાશ્રમ પાસે કોંગ્રેસે ધરણાં યોજ્યા હતા. ભાજપના રાજમાં વધતી જતી મોંઘવારી અને ખેડૂતોના દેવામાફી ની માંગ સાથે ધરણાં યોજી વિરોધ પ્રદર્શિત કર્યો હતો. જોકે, ખેડૂતોના હામી થવા નીકળેલ કોંગ્રેસના કાર્યક્રમમાં પાંખી હાજરી રહેતા સમગ્ર કાર્યક્રમ પ્રતિકાત્મક બની રહ્યો હતો.

# પાલનપુરમાં ૧૨ વર્ષના કિશોરને દારૂ પીવડાવી માર માર્યો હોવાની રાવ

પાલનપુરમાં કાયદો અને વ્યવસ્થા ની સ્થિતિ કથળવાની સ્થિતિ સાથે દારૂબંધીના ધજીયા ઉડી રહ્યા હોવાની ફરિયાદો ઉઠી છે. જેની પ્રતીતિ કરાવતો કિસ્સો જન્માષ્ટમીના દિવસે પ્રકાશમાં આવ્યો હતો. કમાલપુરા વિસ્તારમાં જન્માષ્ટમીની શોભાયાત્રા જોવા ગયેલા ૧૨ વર્ષના કિશોરને તેના મિત્રએ ઠંડા પીણામાં ભેળવી દારૂ પીવડાવી દેતાં કિશોરની તબિયત લથડી હતી. જેને પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો.

પાલનપુરમાં દારૂબંધીના પોલીસના પોકળ દાવાઓનો પર્દાફાશ કરતી ઘટનામાં શહેરના કમાલપુરા વિસ્તારમાંરહેતોએક ૧૨ વર્ષીય કિશોર જન્માષ્ટમીની શોભાયાત્રા જોવા ગયો હતો. દરમિયાન તેના કોઈ મિત્રએઠંડા પીણાની સાથેદારૂ પીવડાવી દીધો હતો. આથી આ કિશોર શોભાયાત્રામાં જ લથડીયા ખાવા લાગ્યો હતો.




# ધાણધામાં ખેતરમાંથી પપૈયાનો પાક કાપી નાખતા નુકસાન

**ખેડૂતને રૂપિયા ત્રણ લાખનું નૂકશાન પહોંચાડનાર અજાણ્યા શખ્સ સામે ફરિયાદ**

પાલનપુર તાલુકાના ધાણધા ગામ માં કોઈ અજાણ્યા શખ્સે એક ખેડૂતના ખેતરમાં વાવેલા પપૈયાના ૨૦૦ જેટલા છોડ કાપી નાંખતા ચકચાર મચી જવા પામી છે. ખેડૂતને રૂ.૩ લાખનું નૂકશાન થતાં તેમણે પાલનપુર તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરી હતી.

પાલનપુર તાલુકાના ધાણધા ગામ માં રહેતા ચંદનસિંહ દાનસિંહ રાજપૂતે તેમના ખેતરમાં પપૈયાની ખેતી કરી હતી. જેમણે બે વિધા જમીનમાં ૨૦૦ જેટલા પપૈયાના છોડ વાવ્યા છે. દરમિયાન ગત કોઈ અજાણ્યા શખ્સે આ છોડ ધારીયા વડે કાપી નાંખી તેમને નૂકશાન પહોચાડ્યું હતુ. જેનાથી તેમને રૂપિયા ત્રણ લાખ જેટલું નુકશાન થવા પામ્યું છે.

ચંદનસિંહે પાલનપુર તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરી છે. પપૈયાના છોડ કાપનારા શખ્સ સામે ગ્રામજનોમાં ભારે ફિટકારની લાગણી પ્રસરી જવા પામી છે.



## નાગરિકોનું સમર્થન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પર વધતા અત્યાચારો દલિતો પ્રત્યેની ભેદભાવભરી નીતી ઉપરાંત આસમાને ચઢતા પેટ્રોલ ડિઝલના ભાવો સહીત કમરતોડ મોંઘવારીની સમસ્યાને વાચા આપવા માટે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીએ આપેલા ભારત બંધના એલાનને ગાંધીનગર જિલ્લાના કલોલ , દહેગામ, માણસા, પેથાપુર, સહીતના શહેરોમાં વ્યાપક સમર્થન મળ્યુ હતુ. નાગરિકોએ પોતાના વેપાર ધંધા સ્વૈચ્છિક રીતે બંધ રાખી શાંતિપુર્ણ માહોલમાં બંધને સમર્થન આપ્યુ હતુ. જયારે શૈક્ષણિક સંસ્થાઓએ પણ શૈક્ષણિક કાર્ય બંધ રાખી બંધને સમર્થન આપ્યુ હતુ.

## મિશ્ર પ્રતિસાદ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવામાં આવી હતી. કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી, સોનિયા ગાંધી અને મનમોહનસિંહ સહિતના કોંગ્રેસી નેતા દિલ્હીના રામલીલા મેદાનમાં આયોજિત રેલીમાં ઉપસ્થિત રહ્યા હતા. એનસીપીના નેતા શરદ પવાર અને પ્રફુલ પટેલ, શરદ યાદવ પણ હાજર રહ્યા હતા. બંધ દરમિયાન દુકાનો અને વેપારી પેઢી બંધ રહી હતી. સ્કુલ અને કોલેજમાં હાજરી પણ ઓછી રહી હતી. જ્યારે કેટલાક રાજ્યોમાં આની મિશ્ર અસર રહી હતી. કોંગ્રેસના નેતૃત્વમાં ૨૧ પાર્ટી દ્વારા ભારત બંધનુ એલાન કરવામાં આવ્યુ હતુ. દિલ્હીમાં કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીના નેતૃત્વમાં કોંગ્રેસ પાર્ટીના નેતાઓ અને કાર્યકરો તેમજ અન્ય પાર્ટીના લોકોએ રાજઘાટથી રામલીલા મેદાન ખાતે મોરચા કર્યા હતા.

# ડેરી પ્રવૃત્તિ મારફતે ખેડૂતોની આવક બમણી કરવામાં ટેકનોલોજીની ભૂમિકા અંગેનો વર્કશોપ

ભારત સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ પ્રધાન રાધા મોહનસિંહે ડેરી પ્રવૃત્તિ મારફતે ખેડૂતોની આવક બમણી કરવામાં ટેકનોલોજીની ભૂમિકા અંગેના એનડીડીબીના વર્કશોપનું ટી.કે. પટેલ ઓડિટોરિયમ આણંદ ખાતે ઉદઘાટન કર્યું હતું. કેન્દ્રના કૃષિ અને ખેડૂત કલ્યાણ અને પંચાયતી રાજ વિભાગના પ્રધાન પુરૂષોત્તમ રૂપાલા, સહકાર, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ (સ્વતંત્ર હવાલો)ના પ્રધાન ઈશ્વરસિંહ ઠાકોરભાઈ પટેલ, રાજ્યસભાના સાંસદ સભ્ય લાલસિંહ વડોદિયા, લોકસભાના સાંસદ દિલીપભાઈ પટેલ અને નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડના ચેરમેન દિલિપ રથ આ પ્રસંગે હાજર રહ્યા હતા.

૧૬ રાજ્યોના દૂધ સંઘો અને પ્રોડ્યુસર કંપનીઓના ૬૦૦ થી વધુ પ્રતિનિધિઓએ આ સમારંભમાં હાજરી આપી હતી. ડેરી ફાર્મ મેનેજમેન્ટ, પ્રિવેન્ટીવ એન્ડ ક્યુરેટિવ એનિમલ હેલ્થ કેર, પશુ સંવર્ધનમાં ટેકનોલોજીકલ પ્રગતિ, સહકારી મંડળીઓના શાસનમાં ટેકનોલોજીની ભૂમિકા, છાણનું કાર્યક્ષમ મેનેજમેન્ટ અને વૈકલ્પિક ઉર્જાના સ્રોતો દ્વારા ખેડૂતોની આવકમાં વધારા જેવા વિષય પર નિષ્ણાંતોએ વિવિધ ટેકનોલોજી અંગે ડેમોન્સ્ટ્રેશન આપ્યુ હતું અને ડેરી ક્ષેત્રના ખેડૂતોને જાણકારી પૂરી પાડી હતી. ડેરી ક્ષેત્રની કેટલીક મહિલાઓએ બાયોગેસ ટેકનોલોજી અંગે તથા દૂધના એકત્રીકરણમાં માહિતી ટેકનોલોજી, પશુઓને પોષણ તથા સંવર્ધન અંગે પોતાના અનુભવો વ્યક્ત કર્યા હતા.

રાધા મોહનસિંહે પશુ આહાર અંગેનો એનડીડીબીના ક્વોલિટી માર્ક લોગોનુંવિમોચન કર્યુહતું. પશુઆહાર/ મિનરલમિક્ચરના થેલા ઉપર ક્વોલિટી માર્કનો લોગો હોય તો ઉત્પાદકોએ સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીજર્સ અપનાવી હોવાનો સંદેશો વ્યક્ત થાય છે. જરૂરી માત્રામાં ખનિજો અને વિટામીન હોય તો દૂધ આપતા પશુઓની ઉત્પાદન કાર્યક્ષમતામાં વધારો થાય છે. તેમણે એનડીડીબીના ક્વોલિટી માર્ક લોગો અને તેના પશુ આહારમાં ફાયદા દર્શાવતી ટીવી જાહેરાતની રજૂઆત કરી હતી.

## પાછુ ખેંચ્યું

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

સાથે કેન્દ્ર અને રાજ્ય બંને જગ્યાએ ભાજપની સાથે ગઠબંધનમાં છે. તો બીજીબાજુ શિવસેનાના એક વરિષ્ઠ નેતાએ કહ્યું કે અમિત શાહની તરફથી ફોન આવ્યો હતો. સીએમ દેવેન્દ્ર ફડણવીસે પણ કૉલ કર્યો હતો. હવે અમે ખુલ્લેઆમ બંધને સમર્થન ન આપવાનો નિર્ણય લીધો છે.

## બંધ શાંતિપૂર્ણ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

મહદઅંશે શહેરમાં બંધના એલાનની નહીંવત અસર જોવા મળી હતી. સવારથી જ શહેરમાં વેપાર ધંધા અને વાહન વ્યવહાર રૂટીન મુજબ ચાલુ હતો. સોમવાર હોવાના લીધે સે-૨૧ નુમુખ્ય શોપિંગ સેન્ટરમાં આમ પણ રજા હતી. બીજીતરફ કોગ્રેસના ધારાસભ્ય ડો સી જે ચાવડા, ડો કૌશિક શાહ પ્રદેશ મહામંત્રી નિશિત વ્યાસ, વિરોધ પક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા સહીતના કોંગી નેતાઓ શોપિંગ સેન્ટરો બંધ કરાવવા માટે પહોંચી ગયા હતા. ઘ-૪ ના સર્વિસ રોડ સામેના કોર્મશિયલ કોમ્પલેક્ષોમાં ધમધમતી હોટલો બેંકો સહીત અન્ય દુકાનો પણ બંધ કરાવી હતી. જો કે પોલીસે આ દરમિયાન કોંગ્રેસના ૨૦ જેટલા આગેવાનોને ડિટેઈન કરી લીધા હતા. જયારે નગરમાં બંધના એલાન દરમિયાન શાળા કોલેજોમાં એન એસ યુ આઈની આગેવાનો પણ શાળા કોલેજો બંધ કરાવવા નિકળી પડ્યા હતા. એન એસ યુ આઈ ના કાર્યકર્તાઓએ માઉન્ટ કાર્મેલ , હીલવુડ, સિધ્ધાર્થ લો કોલેજ , આઈ ટી આઈ અને એલ ડી આર પી સહીતની શૈક્ષણિક સંસ્થાઓનુ કાર્ય બંધ કરાવી દીધુ હતુ. જો કે આ શાળા કોલેજો બંધ કરાવી દેતા શૈક્ષણિક કાર્ય પણ બંધ રહ્યુ હતુ. જો કે બંધ દરમિયાન પોલીસે જિલ્લામાંથી ૧૦૦ જેટલા કોંગી કાર્યકરોને ડિટેઈન કર્યા હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.

## તંત્રની નોટીસ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

જગ્યામાં ઉભા કરાયેલા દબાણો દુર કરવામાં આવી રહ્યા છે. જયારે આજે કોર્પોરેશનની ટીમે સે-૭ ના રહેણાંક વિસ્તારમાં દાયકાઓથી ધમધમતા ૨૩ જેટલા દવાખાનાઓને નોટીસ આપી છે. રહેણાંક વિસ્તારમાં હેતુફેર ઉપયોગ બદલ કોર્પોરેશનના તંત્રએ નોટીસ આપી આ પ્રવૃતિને બંધ કરી દેવા માટે નોટીસમાં તાકીદ કરી છે. બે દિવસમાં સ્વેચ્છાએ આ હેતુફેર ઉપયોગ બંધ નહીં કરવામાં આવે તો કોર્પોરેશનની દબાણની ટીમ આ દવાખાનોઓ બંધ સીલ કરી દેવા માટે કાર્યવાહી હાથ ધરશે તેમ પણ જણાવાયુ છે. અગાઉ ઘ-૨ પાસેના કોર્મશિયલ બિલ્ડીંગમાં ભોંયરામાં ધમધમતી પ્રવૃતિને અટકાવી દેવામાં આવી હતી. જયારે આ ઠેકાણે સીલ મારવાની કાર્યવાહી પણ હાથ ધરાઈ હતી. સે-૭ માં પણ લાંબા સમયથી રહેણાંક વિસ્તારમાં દવાખાનો ધમધમી રહ્યા છે. જયારે અગાઉ સ્થાનિકો સહીત નગરના જાગૃત નાગરિકોએ આ મામલે વિરોધ પણ ઉઠાવ્યો હતો. જયારે શહેરમાં હાથ ધરાયેલી દબાણ હટાવ ઝુંબેશે હવે સે-૭ના રહેણાંક વિસ્તારમાં ધમધમતા દવાખાનો તરફ મીટ માંડતા તબીબી આલમમાં પણ ફફડાટ પ્રવર્તયો છે.

## રિમાન્ડ મંજૂર

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

આ રૂપિયા સીઆઈડી ક્રાઈમે રાજકોટમાંથી નાનકુ પાસેથી કબ્જે કર્યા હતા અને આહિરને ડિટેઈન કરી પૂછપરછ કરી હતી. આ કેસમાં રિમાન્ડ પર રહેલા કિરીટ પાલડિયાની તપાસમાં શૈલેષ પાસેથી પડાવેલા બીટકોઈનમાંથી પોલીસ અધિકારીઓ સહિત નલિન કોટડિયાને પણ રૂપિયા ચૂકવાયા હતાં. કોટડિયા પોતાનો મોબાઈલ ફોન ઘરે મૂકી ભૂગર્ભમાં ઉતરી ગયા હતા. આ સમગ્ર ગુનાહિત કાવતરામાં ભજવેલ ભૂમિકા બદલ નલિન કોટડિયાને રૂ.૬૬ લાખ મળવાના હતા, જે પૈકી કોટડિયાને રૂ.૩૫ લાખ ચૂકવાયા છે, તે પૈકીના રૂ.૨૫ લાખ તપાસનીશ એજન્સીએ રિકવર કર્યા છે અને બાકીની રકમ હજુ રિકવર કરવાની બાકી છે. ગુનો આચર્યા બાદ આરોપી છેલ્લા ઘણા સમયથી જુદા જુદા સ્થળોએ નાસતા ફરતા રહ્યા છે, તેથી તે અંગેની તપાસ કરવાની છે. આરોપીને કોણે કોણે મદદગારી કરી અને કોણે આશરો આપ્યો તે સહિતની વિગતો પણ જાણવાની છે. આ સમગ્ર કૌભાંડમાં સંડોવાયેલા અન્ય આરોપીઓ વિશે પણ આરોપી નલિન કોટડિયા પાસેથી માહિતી કઢાવવાની છે ઉપરાંત, બીટકોઈન કૌભાંડની ખૂટતી કડીઓ વિશેની પણ જાણકારી પ્રાપ્ત કરવાની છે. આ સંજોગોમાં કોર્ટે આરોપીના પૂરતા દિવસના રિમાન્ડ ન્યાયના હિતમાં મંજૂર કરવા જોઈએ. સીઆઈડી ક્રાઈમની દલીલો ગ્રાહ્ય રાખી કોર્ટે નલિન કોટડિયાના સાત દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. બીજીબાજુ, આજે બીટકોઈન કૌભાંડના મહત્વના આરોપી એવા કિરીટ પાલડિયાના રેગ્યુલર જામીન કોર્ટે આકરા વલણ સાથે ફગાવી દીધા હતા. કોર્ટે પાલડિયાને જામીન આપવાનો સાફ ઈન્કાર કરી દીધો હતો.